# રેકિ વિદ્યા નિકેતન

વોલ્યુમ ૫ અંક ૩ માર્ચ ૨૦૧૩

## આ અંક અંતર્ગત :


| | |
|---|---|
| આકર્ષણનો સિધ્ધાંત | ૧, ૨ |
| અગ્નિહોત્રની ચમત્કારીક ભસ્મ | ૩ |
| ગુરુ આજ્ઞાનું પાલન - આધ્યાત્મિક ખોજની સફળતાનો ટૂંકો માર્ગ | ૪ |
| સ્પીરીચ્યુલ કોશેન્ટ -આજની જરૂરિયાત | ૫ |
| અંતરયાત્રાથી પ્રેમની સમજ | ૬ |
| આર.વી.એન.ની ઘટનાઓ તેમજ સમાચાર | ૭ |
| આશ્રમજ્ઞાન - રેકી સેમિનારનું સમયપત્રક | ૮ |


## આકર્ષણનો સિધ્ધાંત - સૌથી વધારે ગેરસમજ ધરાવતો સિધ્ધાંત

વચ્ચે "ધ સિક્રેટ" નામની એક ફિલ્મ આવી હતી. જેણે દર્શકોના મનમાં ઘણા તરંગો ઉઠાવ્યા હતા. તે ફિલ્મે એવું ચિત્ર ખડું કર્યું હતુ કે કંઇ મેળવવાની પ્રક્રિયા ખૂબ સરળ છે. માત્ર માંગો અને મળી જશે. આ ફિલ્મ જે ૭૫ મીનીટ ની છે જેમાં આક્રમક રીતે આ સિક્રેટની કલ્પના વિશે ચર્ચા કરેલી છે જે અમેરીકનોની લાક્ષણીક શૈલી છે. અને છેલ્લી થોડીક મીનીટ આવે છે "શરતો લાગુ પડે છે જે નાના અક્ષરોમાં હોય છે." કહે છે કે આ બધુ શક્ય છે જ્યારે તમારું મન (ચિત્ત જે તેઓ કહેવા માંગે છે) શુદ્ધ હોય છે. અહીં સમસ્યાએ છે કે મોટે ભાગે દર્શકો કદાચ ખૂબ જ ઉત્સાહીત થઇ જાય છે. તે કલ્પનાથી કે જે માંગો તે મળી શકે છે અથવા તો ૬૦ મીનીટથી વધારે ફિલ્મ હોવાથી તેઓ થાકી જાય છે અને છેલ્લા નાના અક્ષરો વાળા ભાગ પર ધ્યાન નથી દેતા.

આ જ ફિલ્મ એવો પણ દાવો કરે છે કે આકર્ષણનો સિધ્ધાંત આ ફિલ્મના વિષય પાછળનું મુખ્ય તત્ત્વ છે. આ એક બીજી સમસ્યા છે. આકર્ષણનો સિધ્ધાંત આ વિશ્વમાં સૌથી વધારે ગેરસમજ ધરાવતો સિધ્ધાંત છે. આ સિધ્ધાંત ઘણા બધાને આકર્ષ છે કારણ કે આકર્ષણની કલ્પના ઘણી રોચક છે. મોટાભાગના લોકોને લાગે છે કે આપણે આ પૃથ્વી પર છીએ એટલે આપણે લોકો અને બધી વસ્તુઓને આકર્ષી શકીએ છીએ. આ સિધ્ધાંતના બે પાસા છે જેની લોકોને ગેરસમજ છે અને મારું માનો તો આ બન્નેને સાચી રીતે સમજવા એ ખૂબ જ અગત્યનું છે. એક , લોકોને લાગે કે આપણને જે જોઇએ તેને આપણે આકર્ષી શકીએ. અને બીજી ગેરસમજ એ છે કે બે વિરોધાર્થી વસ્તુઓ એકબીજા સાથે આકર્ષાય છે. ચાલો આપણે એક સમયે એકને જ પાસાને લઇએ જેથી આપણે તે સાચી રીતે સમજી શકીએ.

સર્વ પ્રથમ કોઇ તેને જે જોઇએ છે તેને આકર્ષતું નથી. નિયમ એવો છે કે પોતે જે હોય તેને જ તે આકર્ષે છે. એટલા માટે આદર્શ રીતે આપણે સમજવું જોઇએ કે તમે જેવા છો તેવાને જ તમે આકર્ષી શકો છો. જો તમે હ્દયથી શુધ્ધ હશો તો તમે શુધ્ધતાને જ આકર્ષશો. જો તમે દયાળુ હશો તો તમે દયાને જ આકર્ષશો અને કોઇ શંકા વિના જો તમે નિર્દય હો તો તમે નિર્દયતા જ આકર્ષશો. આપણને જુની કહેવત યાદ છે કે એક જેવા મનવાળા લોકો જ એકબીજાથી આર્કષાય છે. ઇચ્છા એ દૂરની વસ્તુ છે. મોટેભાગે તમને એ જોતુ હોય છે જે તમે નથી. અને ઇચ્છાઓની પૂર્તિ કરવી એ જીવનની રમતનો ધ્યેય થઇ ગયો છે. જો તમે તે વસ્તુ માંગો જે તમે નથી, તો એવી ઘણી સંભાવનાઓ છે કે તમને ન મળે અને તમે આ પ્રક્રિયામાં નિરાશ થઇ જાવ.

**આકર્ષણનો સિધ્ધાંત** પાના નં ૧ ચાલુ

જે તમે કરો છો કે પછી તમે જે ફિલ્મ જુઓ છો તમે આ લેનદેનની પ્રક્રિયાના કેન્દ્રબિંદુ છો. આની જવાબદારી તમારી છે કે તમે બનો જે તમને જોઈએ છે અને નહીં કે બીજી બાજુ. જો તમને દુનિયામાંથી પ્રેમ મેળવવો હોય તો સર્વપ્રથમ તમે પોતે પ્રેમાળ બનો. પછી તમારે બહારથી કઇ કરવાની જરૂરત નથી. પ્રેમ પ્રેમને આકર્ષશે.

બીજી ગેરસમજ એ છે કે તમે વિરોધી વસ્તુઓ ને આકર્ષો છો. પણ આ પ્રક્રિયાને તમે ધ્યાનથી નિહાળો તો તમને ખબર પડશે કે તે સાચું નથી. આના ઘણા ઉદાહરણો છે કે લોકો (જે આ ખોટી માન્યતા ધરાવે છે) તમને કહેશે કે સ્ત્રી પુરુષને આકર્ષ છે કે પછી ધન ધ્રુવ રૂણને આકર્ષે છે. ઉપર છલ્લી રીતે તે સાચું લાગે છે. પણ અહીં આપણે એ ભૂલી ન શકીએ કે જ્યારે આપણે કહીંએ છીએ કે સ્ત્રી પુરુષને આકર્ષે છે ત્યારે આપણે એ સ્વીકારવું પડશે કે બન્ને પહેલા મનુષ્ય હોવા જોઇએ. એક મનુષ્ય સ્ત્રી કોઇ સિંહ કે કૂતરાને આકર્ષી ન શકે. આ જ કિસ્સો છે ચુંબકીય ધ્રુવોનો (પોલસ્). અહીં આપણે એ ભૂલી ન શકીએ કે મૂળ જરૂરિયાત એ છે કે બન્ને લોહચુંબક હોવા જોઇએ. બીજુ કે જે આપણને વિરોધાભાસ લાગે છે તે અસલમાં વિરોધાભાસ હોતા નથી. તેઓ અલગ કંપન ધ્વનિ પર કામ કરતા હોય છે. બધી વસ્તુઓ એક બીજા સાથે આકર્ષાય છે તે તેઓના અપૂર્ણ સ્વભાવને કારણે. એક ભિખારી ધનીક પ્રત્યે આકર્ષાય છે કારણ કે તે ભિખારી પાસે પર્યાપ્ત ધન નથી અને તે બાબતમાં અપૂર્ણ છે અને ધનીક માણસ ધનની બાબતમાં વધારે પૂર્ણ છે જે બન્નેમાં સામ્યતા દર્શાવે છે. એક ભીખારી જે ભોજન કે પાણીની ઝંખના રાખે છે તે કોઇ એવા વ્યક્તિ પાસે નહીં જાય જેની પાસે ધન છે પણ એવા લોકો પાસે ભીખ માંગશે જેના હાથમાં ખાવાનો પદાર્થ છે. એટલે જો કોઇ પ્રેમથી ભરપૂર હોય તો લોકો જે પ્રેમના ભૂખ્યા છે તે જ તમારાથી આકર્ષાશે. જો તમે દયાળું હોય તો જે લોકોએ દયાનો અનુભવ પોતાના જીવનમાં નથી કર્યો તે તમારાથી આકર્ષોશે. અંતે તો જે તમારી પાસે છે તેનાથી જ લોકો આકર્ષાય છે પોતાના પૂર્ણત્વ માટે એટલે અહીં મૂળ પ્રશ્ન એ છે કે તમારી પાસે શું છે? આ જ મુખ્ય મુદ્દો છે. નહીં કે તમને શું જોઈએ છે. હું હંમેશા એક દારૂની દુકાનવાળાનું ઉદાહરણ આપું છું જે એક વખત મને ફરિયાદ કરતો હતો કે મારી દુકાનમાં હંમેશા દારૂડીયા જ આવે છે અને બાજુની દુકાનવાળો જે ફૂલ વેચે છે તે કેટલો નસીબદાર છે કે તેની પાસે હંમેશા ભગવાનના ભક્તો જ આવે છે. તે તેના નસીબને દોષ દેતો હતો અને એ ભૂલી જતો હતો કે આ તેનો ધંધો છે અને એ જે લોકો આપે છે તેવા જ લોકો આકર્ષઇને તેની પાસે આવે છે. અહીં તેના સિવાય કોઇને દોષી ન કરાવાય.

જો તમે કઈ પ્રાપ્ત કરવા ઈચ્છતા હો અને તમને તે ન મળતું હોય, તો યાદ રાખજો કે કદાચ તે વસ્તુ માટેની મૂળતઃ ગુણવત્તા તમારી પાસે નથી. અહીં મને પૌલો કોહેલોનું પુસ્તક "ધ અલકેમીસ્ટ"નું મશહુર વાક્ય યાદ આવે છે કે "આખું વિશ્વ તમને જે જરૂરી છે તે મેળવવા માટે યોજના બનાવીને મદદ કરે છે." માત્ર તમારે એ જ સમજવાનું છે કે તમારી અંદર પરિસ્થિતિ મુજબની ગુણવત્તા શું છે.

> **"આકર્ષણ નો સિધ્ધાંત એટલે કે તમે તેને આકર્ષો જે તમે છો, નહીં કે જે તમને જોઈએ છે."**

# "અગ્નિહોત્રની ચમત્કારીક ભસ્મ"

**અગ્નિહોત્ર ભસ્મની દવાઓ :**

દક્ષિણ અમેરિકાના મેડીકલ તબીબોના ૧૦૦ થી પણ વધારે રીપોર્ટ છે જેમાં તેઓએ દર્શાવ્યુ છે કે અગ્નિહોત્રની ભસ્મથી દરેક જાતની બિમારીઓ, જેમાં અસાધ્ય રોગોનો પણ સમાવેશ થાય છે, તે મટી જાય છે. જુઓ homatherapy.org .

**અગ્નિહોત્ર અને તેની ભસ્મ:**

અગ્નિહોત્રની ભસ્મ ઔષધીના ગુણ ધરાવનારી છે. તે પ્રાણથી ભરપૂર છે અને તેમાં સૂક્ષ્મ સત્વ સપ્રમાણ માત્રામાં છે. માત્ર અગ્નિહોત્રની ભસ્મ જ ઔષધીના ગુણ ધરાવનારી છે. ત્રંબક હોમ કે બીજા કોઇ હોમમાંથી પ્રાપ્ત થયેલી ભસ્મ ઔષધીના ગુણ ધરાવનારી નથી. આ ભસ્મ પૂરેપૂરી રીતે અગ્નિહોત્રની જ્વાળામાં ભસ્મીભૂત થઇ ચૂકી હોવી જોઇએ. જો તે બરાબર પ્રજ્વલીત ન થઇ હોય તો તે ભસ્મમાં ઔષધીના ગુણ હોતા નથી. તમને ઘણી વખત ચોખાના કાળા દાણા જોવા મળશે. પણ તે પૂરી રીતે ભસ્મ થઇ ગયેલા હોય છે. આ ભસ્મ ખૂબ જ કાર્યક્ષમ હોય છે જ્યારે આપણે તેને અગ્નિહોત્ર યજ્ઞ કરીને તેની સાથે ઔષધના રૂપમાં ખાઇએ છીએ. અને એ સૌથી વધારે લાભદાયક ત્યારે બને છે જ્યારે કોઇ અગ્નિહોત્રની સામે બેસવા કરતા પોતે કરે છે. જ્યારે એક જ કુટુંબમાં ઘણા બધા લોકો હોય કે પછી એક જન સમુદાયમાં અગ્નિહોત્ર કરવો જોઇએ. જેટલા વધારે અગ્નિહોત્ર કોઇ એક વિસ્તારમાં થાય તેટલો વધારે તેનો બધી રીતે લોકોને લાભ મળે.

૧. દરરોજ બે વખત અગ્નિહોત્ર કરો અથવા તો તમારી જીવનશૈલી મુજબ તમે જેટલી વાર કરી શકો તેટલી વાર કરો. કરોડરજ્જુને ટટ્ટાર રાખીને પાત્રની સામે બેસો અને પાત્રને પૂર્વ કે પશ્ચિમાભીમુખ રાખો. બિમાર વ્યક્તિ કે કોઇ પ્રાણીને જેટલું બને એટલું પૂર્વ દિશા તરફ બેસાડો. અગ્નિહોત્ર કરતા પહેલા એક ચપટી ભસ્મ ખાઓ કે પછી તેને પાણી સાથે લો.
૨. અર્ધી ચમચી ભસ્મ દિવસમાં ઓછામાં ઓછી ત્રણ વાર લો.
૩. એક નાની ચમચી ભસ્મ પાણીના જગમાં નાખો. તેને હલાવો અને તળીયામાં સ્થિર થવા દો. ભસ્મના પાણીને ત્રણ દિવસ સુધી ચાર્જ કરો. અને તે પાણી તમે અને તમારા પરિવારજનો પીઓ. પછી તે જ પાણીમાં વધારે પાણી ઉમેરતા રહો અને ભસ્મ ઉમેરતા રહો. જગ કાચનો કે પછી સીરામીકનો હોવો જોઇએ પ્લાસ્ટીક કે મેટલનો નહીં સિવાય કે તાંબાનો.
૪. અઠવાડીયામાં એક વખત તમારી પાણીની ટાંકીમાં એક મુઠ્ઠી ભસ્મની નાખો .
૫. ભસ્મનો પાવડર કરીને રાખો અને તેનો ઘીમાં ભેળવીને મલમ કે ક્રીમ બનાવી રાખો જ કોઇપણ સમસ્યા જેવી કે ચકામું, પગમાં મચકોળ, ચામડીની બિમારીઓ જેમ કે સોરાયસીસ કે એંઝાઇમાં કોઇ દુઃખતો ભાગ કે ટયુમરનો વિસ્તાર, ગળાનો સોજો, વિગેરે. માં વાપરી શકાય છે. ભસ્મ અને ઘીના મિશ્રણને કોઇ ખૂલા ઘાવ પર પણ લગાવી શકાય છે. જો તેમાંથી કઇ પદાર્થ નિકળતો હોય તો તે પર અગ્નિહોત્ર ભસ્મનો પાવડર લગાવી શકાય છે. ઘી ભસ્મની ઔષધપૂર્ણ ગુણવત્તાને શરીરની અંદર સુધી પહોચાડવામાં મદદ કરે છે.
૬. અગ્નિહોત્રના પાત્રને સૂર્યાસ્ત પછી પૂર્વ દિશા તરફ રાખીને તેની ઔષધપૂર્ણ ગુણવત્તાને શુધ્ધ અને વિસ્તૃત કરો અને ત્યાં જ રાખો જેથી બીજા દિવસના સવારના અગ્નિહોત્રનો લાભ મળે.




અગ્નિહોત્ર ભસ્મની દવાઓ કેવી રીતે બનાવવી જેમ કે ભસ્મયુક્ત ગ્લીસરીનની ગોળી, ક્રિમ, આંખના ટીપા વિગેરે માટે જુઓ Homa Therapy the Ancient Science of Healing.

## "ગુરુ આજ્ઞાનું પાલન - આધ્યાત્મિક ખોજની સફળતાનો ટૂંકો માર્ગ"

- કૃપા ચોકસી

તમે સાંભળ્યું હશે કે સાધનાનો પથ ઘણો લાંબો અને લપસણો છે. દરેકે એક એક પગલું ધ્યાનથી ભરવું જોઈએ. અને સાધનામાં કોઇ ટૂંકો માર્ગ નથી. બધાએ એ જ પથ પરથી જવાનું છે. હું આ બધાની વાતથી સહમત છું પણ એક માર્ગ છે જે ટૂંકો પણ છે અને સફળતા માટે સચોટ પણ છે. હું આ રહસ્યને તમારી સમક્ષ રજુ કરવા માંગું છુ જે મેં મારા ઘણા વર્ષોના અનુભવથી મેળવ્યું છે. હું અહીં મારો એક હાલમાં થયેલો અનુભવ રજુ કરું છું.

નવેમ્બર ૨૦૧૨માં હું ગુરુજી સાથે સેમીનાર લેવા માટે શીકાગો ગઇ હતી. ભારત છોડતા પહેલા બધાએ મને ચેતવી હતી કે ત્યાં બહું ઠંડી હશે અને મારે મારી સાથે પૂરતા ગરમ કપડા રાખવા જોઈએ. અને એટલા મેં તે લીધા હતા. હું જ્યારે શીકાગો પહોંચી ત્યારે સવારના ૬.૩૦ વાગ્યા હતા અને મૌસમ ખૂબ જ આલ્હાદક હતું. મારા ત્વરિત પ્રતિભાવો એ હતા કે હવામાન એટલું ઠંડુ નથી જેવું બધા કહેતા હતા. પછી હું ઘરે ગઇ (જ્યાં અમે રહ્યા હતા) અને હું સેમીનાર માટે તૈયાર થઇ. ઘરમાં હીટર હોવાથી મારો રહેવાસ ખૂબ જ આરામદાયક હતો. બે દિવસ પસાર થઇ ગયા અને મારા મનમાં હવામાન માટે એ જ ખ્યાલ આવ્યો હતો. ત્રીજા દિવસે અમે ફ્રી હતા એટલે શીકાગોમાં આવેલા સાંઇબાબાના મંદિરમાં અમે જવાનું નક્કી કર્યું. ગુરુજીએ મને કહ્યું હતું કે મારે પૂરતા ગરમ કપડા પહેરવા જોઈએ. પણ મારા મનમાં પૂર્વ ગ્રંથી હતી અને તે દિવસે સારો એવો તડકો હતો. એટલે મે ગુરુજીની સૂચનાનું પાલન ન કર્યું. અમે મંદિર પહોંચયા અને જ્યારે હું હીટેડ કારમાંથી ઉતરી તો વાતાવરણ ખૂબ જ ઠંડુ હતું અને ખૂબ જ ઠંડી હવા વહેતી હતી. તડકો હોવા છતાં વાતાવરણ એટલું ઠંડુ હતુ કે મારે પાર્કીંગ સ્લોટથી મંદિર સુધી દોડીને જવું પડયું. મને લાગ્યુ કે વાતાવરણ છેતરી નાખે તેવું છે. તરત જ મને યાદ આવ્યું કે મને ગુરુજીએ સૂચના પહેલેથી જ આપી હતી પરંતુ મારા અજ્ઞાન અને અહંકારના કારણે મેં તેનું પાલન ન કર્યું. મારા મનના મર્યાદિત જ્ઞાનથી હું બહારની ઠંડીનું અનુમાન ન લગાવી શકી કારણ કે મારા મનની મર્યાદિત દ્રષ્ટિ હતી અને તેણે જે તર્ક લગાવ્યો તે તદ્દન ખોટો હતો. કારણકે મારા મનમાં ભારતના વાતાવરણનો સંદર્ભ હતો. જ્યાં તડકાવાળો દિવસ એટલે ગરમ હવામાન,શીકાગોનો નહીં. અને ગુરુજીની સૂચનાનું પાલન ન કરવાથી મારે ઠંડી સહન કરવી પડી હતી. હું આ પરિસ્થિતિને ટાળી શકી હોત જો મે ગુરુજીનું સાંભળ્યું હતો અને તે જ્ઞાન રાખ્યું હોત કે તેઓને વધારે અનુભવ છે. પછી મને એ પણ બોધ થયો કે આવી જ વાત આપણા જીવનમાં પણ થાય છે. ઘણી વખત ગુરુજી આપણને કઇ કરવાનું કહે છે કારણ કે તેઓએ આપણું ભવિષ્ય જોયું હોય છે પણ આપણા અજ્ઞાન અને અહંકારને લીધે આપણે તેમનું સાંભળતા નથી. અને આપણે આપણા તર્ક પ્રમાણે કાર્ય કરીએ છીએ. અને શું થાય છે. આપણને તદ્દન નિષ્ફળતા મળે છે. આપણે આપણી ચેતના અને સમયનો વ્યય કરીએ છીએ અને પછી સમજાય છે કે આપણે તર્ક ખોટો હતો. કારણ કે આપણું પરિસ્થિતિ વિશેનું અનુમાન જ ખોટું હતું. અને ગુરુજીને પહેલેથી જ અંતઃસ્ફૂર્ણા થઇ ચુકી હતી જેના આધારે તેઓ આપણું માર્ગદર્શન કરતા હતા જે આપણા માટે હિતાવહ હતું.

એટલા માટે સૌથી ઉત્તમ વસ્તુ એ છે કે આપણે આપણા તર્કને બાજુ પર રાખીને આપણો અહંકાર ગુરુના ચરણકમળમાં સમર્પિત કરવો જોઈએ. આ જ "ઇશ્વરપણિધાન" છે જેને પતંજલિએ યોગસૂત્રમાં યોગનો ખૂબ જ મહત્વપૂર્ણ ભાગ દર્શાવ્યો છે. જેના સિવાય ભગવાનની અનૂભુતિ શક્ય નથી. એક સાચા સાધકે હંમેશા ગુરુનું સાંભળવું જોઈએ કારણ કે ગુરુ અને ભગવાન એક જ છે. ભગવાન શિવે પણ આ જ વસ્તુ માતા પાવર્તીને કહી છે જ્યારે તેમને "ગુરુ ગીતા" કહી હતી. ગુરુ ભગવાન શિવનું જ રૂપ છે. આપણે ગુરુની આજ્ઞાનું પાલન કરવું જોઈએ કારણ કે આ રીતે તેઓ આપણા ઉપર પોતાની કૃપા કરે છે પછી ભલે તે ગમે તેટલું આપણને તે સમયે તર્ક વિહીન લાગતું હોય પણ તે મુક્તિનો ટૂંકો માર્ગ છે. ગુરુ ઘણી વખત આપણને હાઈવેથી સીધો એક્ઝીટ લેવા કહે છે જેથી આપણે શહેરનો લાંબો રસ્તો જેમાં સમય વધારે લાગે છે તે ટાળી શકીએ. પણ આ કૃપા પ્રાપ્ત કરવા માટે આપણે સતત પોતાનું શુદ્ધિકરણ કરવું જોઈએ અને સતત પ્રયત્નોથી કરીને આપણી સજાગતાથી અહંકારને કાબુમાં રાખવો જોઈએ. આને યોગમાં અભ્યાસ કહેવામાં આવે છે.

**"ધ્યાન મૂલં ગુરુમૂર્તિ, પૂજા મૂલં ગુરુપદમ્, મંત્ર મૂલં ગુરુર્વાક્યમ્, મુક્તિ મૂલં ગુરુકૃપા" - ગુરુ ગીતા**

## “સ્પીરીચ્યુલ કોશન્ટ આજની જરૂરિયાત ” - અશ્વિની તેલંગ

આપણે બધા ઇન્ટલીજન્સ કોશન્ટ (બુધ્ધિમત્તાના આંક) થી પરિચિત છીએ જેને આઇક્યુ ટેસ્ટ કહે છે. જે શાળાઓથી લઇને ઓફીસ સુધી પ્રચલીત છે અને હવે ઇક્યુ કે પછી ઇમશિનલ કોશન્ટ (ભાવનાનો આંક) પણ જોવામાં આવે છે. આઇક્યુમાં આપણી બુધ્ધિ જે સામાન્ય બુધ્ધિ છે (જેનાથી આપણે તર્ક કે યુક્તિઓ સાથે સમસ્યાનો ઉકેલ લાવીએ) તેને માપવામાં આવે છે. પણ જીવન છે તે માત્ર ભાવનાઓ છે એટલા માટે આઇક્યુને સારી રીતે વાપરવા માટે ઇક્યુ જરૂરી છે. ઇકયુ આપણને ભાવનાઓ વિષે સજાગતાનું સ્તરનું દર્શાવીને માર્ગદર્શન કરે છે. તે આપણી સહાનુભૂતિ, કરૂણા, પ્રેરક બળ અને સુખ અને દુઃખની પરિસ્થિતિમાં આપણા પ્રતિભાવો માપે છે.

પણ જ્યારે મેં વિશ્વભરમાં જે ચાલી રહ્યું છે તે જોયું ત્યારે મારા મનમાં એ પ્રશ્ન ઉઠયો કે શું આ બે આંક પર્યાપ્ત છે જેનાથી જે આપણી આજુબાજુમાં થઇ રહ્યું છે તેનો ઉકેલ આવે. મેં મારા ગયા મહીનાના લેખમાં જે બાયસ્ટેન્ડર ઇફેક્ટના ઉદાહરણો રજુ કર્યા હતા, જો તમને યાદ હોય તો……. તેમાં મેં કહ્યું હતું કે જે લોકોમાં નૈતિકતા છે તેઓ બાયસ્ટેન્ડર ઇફેક્ટના સિધ્ધાંતથી પર છે. કરૂણા અને બીજા પ્રત્યે સહાનુભૂતિ , જે ઇક્યુનો ભાગ છે. એટલે કે ઇમોશનલ કોશન્ટમાં આધ્યાત્મિક પ્રક્રિયાઓ કરવાથી વધારો થાય છે અને તેનાથી એવા સમાજનું નિર્માણ શક્ય છે જે માત્ર મૂઢ થઇ જે બાયસ્ટેન્ડર નહીં બની રહે. ત્યાં કશાકની ખામી લાગતી હતી. જ્યારે હું જીવનની સમસ્યાઓને ઉકેલવા માટે શું ખામી છે તેના વિશે વિચારતી હતી ત્યારે મને અચાનક “સ્પીરીચ્યુલ ઇન્ટલીજન્સ - અલ્ટીમેઇટ ઇન્ટેલીજન્સ” નામના પુસ્તકની યાદ આવી જે મેં મારી કોલેજ ની લાઇબ્રેરીમાં વાંચી હતી. અને અચાનક મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો કે શું ખામી છે? અને તે છે સ્પીરીચ્યુલ કોશન્ટ(આધ્યાત્મિક આંક). તે જરૂરી પાયો જેના થકી ઇક્યુ અને આઇક્યુ સારી રીતે કામ કરી શકે. ડૉ. અબ્દુલ કલામે કહ્યુ છે કે “વિજ્ઞાન સારું ભૌતિક જીવન બને તે માટે પ્રયત્નો કરે છે જ્યારે આધ્યાત્મ સારું નૈતિક જીવન કેવી રીત બને તે માટે જવાબ શોધે છે.” આ દર્શાવે છેકે એસક્યુ કે પછી સ્પીરીચ્યુલ ઇન્ટલીજન્સ (આધ્યાત્મિક આંક) કદાચ આધુનીક સમાજ માટે આર્શીવાદ રૂપ સિધ્ધ થાય. આધ્યાત્મિક આંક (એસક્યુ) આપણા તર્ક અને ભાવનાઓના સંવાદમાં ઐક્ય સાધે છે, તેને જોડે છે અને તેમાં સક્ષમતા છે કે તે આઇક્યુ અને ઇક્યુની પ્રક્રિયાનું જે પરિણામ આવે છે તેને પરિવર્તીત કરી શકે. ટૂંકમાં આ બન્ને-તર્ક અને ભાવનાઓથી પર લઇ જાય છે. મનુષ્યની બુધ્ધિમત્તાની પૂરી રૂપરેખા સ્પીરીચ્યુલ ઇન્ટેલીજન્સ કે પછી એસક્યુથી જ શકય બને છે. નિર્ભયતા અને મનુષ્યની દિવ્યતા પ્રત્યેનો વિશ્વાસ જે એસક્યુનો ભાગ છે તે જ જવાબદાર અને સક્રિય સમાજનું નિર્માણ કરી શકે છે. જુલીયસ ઇર્વીંગએ કહ્યુ છે કે “સફળતાની ચાવી એ જ છે કે આપણે જીવનના બધા જ માનસિક, ભાવનીક, આધ્યાત્મિક અને શારીરિક ક્ષેત્રમાં વિકસીએ” જો આપણા આ ત્રણેય આંકને એક સાથે અપનાવીએ તો આપણે આ જગતને એક સુંદર રહેવાલાયક જગત બનાવી શકીએ જેમાં દરેક ક્ષેત્રમાં સફળતા પ્રાપ્ત થઇ શકે.



સ્પીરીચ્યુલ કોશન્ટ

**“વિજ્ઞાન સારું ભૌતિક જીવન બને તે માટે પ્રયત્નો કરે છે જ્યારે આધ્યાત્મ સારું નૈતિક જીવન કેવી રીતે બને તે માટે જવાબ શોધે છે.”**
**- ડૉ. એ પી જે અબ્દુલ કલામ**

## "અંતરયાત્રાથી પ્રેમની સમજ"

- સીમા ત્રિવેદી

"તે મહત્વનું નથી કે તમે કોને પ્રાર્થના કરો છો રામ, કૃષ્ણ, જીસસ , અલ્લાહ ...... પ્રાર્થના તેના પર અને માત્ર તેના આધારીત છે કે તેને કોણ કરે છે. માત્ર તમારી ઉપસ્થિતિ પ્રાર્થના માટે પૂરતી છે."



દેવરુખ આશ્રમની મુલાકાત એ હંમેશા નદીમાં જઇને નવા વિચારોની ધારા લઇને આવવા જેવી હોય છે. મહત્ત્વનું એ છે તમારો ઘડો કેટલો મોટો છે. જ્ઞાનની ગંગા મોટેભાગે મઠના રસોડામાં વહેતી હોય છે. હું માનું છું કે દિવ્ય વિચારો ત્યાં ભોજન કરતા વધારે બનાવી પીરસવામાં આવે છે. હું તેને આત્માનું રસોડું કહું છું અને માત્ર શરીર નહીં. આ વખતે હું ત્યાં સેમીનાર માટે હતી, જે હવે પ્રત્યેક માસનો પ્રસંગ થઇ ગયો છે, ત્યારે મને પ્રેમનો સાચો અર્થ સમજાયો. અત્યાર સુધી એવું માનતી હતી કે પ્રેમ બે ભિન્ન વ્યક્તિઓમાં થાય છે અને તે જ વિષય આકર્ષણનો સિધ્ધાંત છે. પણ આ વખતે જ્યારે અમે કૈલાસ રૂમમાં (ગુરુજીનું આશ્રમનું રહેઠાણ) ગુરુજી સાથે બેઠા હતા ત્યારે મને ખબર પડી કે પ્રેમએ તે નથી જે અમે આજ સુધી માનતા હતા. પ્રેમમાં એક વ્યક્તિ પાસે કઇ હોવું જોઇએ જે બીજા વ્યક્તિ પાસે નથી. જેમ કે ભિખારી, તેઓ વ્યક્તિ પ્રત્યે આકર્ષાય છે જેની પાસે પૈસા છે. તે જ પ્રમાણે પ્રેમમાં આપણે એવા જ લોકોથી આકર્ષાઇ છીએ જેની પાસે આપણાથી વધારે કંઇક છે આ જ વિચાર મારા મનમાં ચાલતો હતો જ્યારે હું રાજકોટ જવા પાછી ફરી રહી હતી. હું મારા કિંડલ માં "ઇનર જર્ની" નામનું પુસ્તક વાંચતી હતી અને મને ખૂબ જ આશ્ચર્ય થયું કે આ પુસ્તકમાં પણ આ જ વિચારો દર્શાવ્યા છે.

ઇનર જર્ની જે મહાયોગી પાયલોટ બાબાએ લખ્યો છે કે જે સમજાવે છે કે જેણે સાચો પ્રેમ કર્યો છે અને કંઇક મેળવ્યુ છે તેણે કદી પ્રેમની પરિભાષા કરી નથી. દુર્ભાગ્યવશ પ્રેમની પરિભાષા હંમેશા એવા લોકોએ જ કરી છે જેમણે તેમના જીવનમાં કદી સાચો પ્રેમ અનુભવ્યો નથી. તેમના માટે પ્રેમ એ એક પ્રક્રિયા છે જેની પરિભાષા કરી શકાય. યોગીઓ માટે પ્રેમ એ એક અવસ્થા છે. મનુષ્યનો પ્રેમ જો સાચી રીતે સમજાય તો ઇશ્વર તરફ જવાની સીડી છે, કારણ કે જો તમારે ઇશ્વરને પ્રેમ કરવો હોય તો સર્વ પ્રથમ તમારે મનુષ્યુને પ્રેમ કરવો પડે. પણ આજે આપણે જે જોઇએ છીએ ભાવનાઓ અને શારીરિક અસ્તિત્વ પ્રત્યેની લાગણીને આપણે જાહેર કરીએ છીએ કે તે પ્રેમ છે. તેમાં કઇ નવાઇ નથી કે તેમાં ઘણી બાંધછોડ કરવી પડે છે.

પ્રેમની અનુભૂતી માટે ઘણી આપ લે કરવી પડે છે. પણ પોતાની જાતને આપવી તે વધારે અગત્યનું છે બીજું આપવા કરતા. કઇ આપવું તેને પ્રેમની અભિવ્યક્તિ કહી શકાય પણ પ્રેમ નહીં. આ આપલે ની પરિસ્થિતિ ડર તરફ લઇ જાય છે. કઇક વિનિમય એ બે શક્તિઓને, દુ:ખ, વિગેરેને જન્મ આપે છે. પ્રેમનો વિનિમય એ બે શક્તિઓનું મિલન છે. તે બે વિચારોનું પણ છે. આ મંથન ને સમુદ્રમંથન સાથે સરખાવી શકીએ જે ઘણી શક્તિશાળી ઊર્જાઓને જન્મ આપે છે.

પાઇલોટ બાબા કહે છે કે પ્રેમ દ્વારા આપણે સમાધિની સ્થિતિ પ્રાપ્ત કરી શકીએ તે આપણી ઊર્જાને ઉપર લઇ જાય છે. તેમના માટે પ્રેમ એ ઇશ્વર છે અને સર્જનાત્મક શક્તિ એટલે ભગવાન સાથે ઐક્ય અને શક્તિની જાગૃતિ છે. પ્રેમએ એક યાત્રા છે. પ્રેમને માત્ર લગ્ન ન સમજવું જોઇએ. પ્રેમથી આનંદ અને પરમાનંદની પરિભાષા ન કરી શકાય. લગ્ન એ ચોક્કસપણે બે શક્તિઓનું મિલન છે પણ તે મોક્ષના દ્વાર ખોલી શકાતું નથી. તેમાં બે વ્યક્તિઓ વચ્ચે ગાઢ પરિચય હોય શકે પણ તે બન્ને એક ન થઇ શકે આને મિલન કહેવાય.

## ગુજરાતી ભાષામાં ગુરૂચરિત્ર તૈયાર

થોડા વખત પહેલાંના ન્યુઝલેટરમાં અમે આ વિષે જણાવેલું. સારા સમાચાર એ છે કે આ પવિત્ર ગ્રંથનું ગુજરાતીમાં ભાષાંતર તૈયાર થઇ ગયું છે અને હવે ટુંક સમયમાં જ તેનું પ્રીન્ટીંગ થશે. ટાઇપીંગ તેમજ તેમાં રહેલા બાવન ચિત્રો દોરવામાં બે મહિના જેવો સમય લાગી જશે. આ ગ્રંથ જુલાઇ ૨૦૧૩ ને ગુરૂપૂર્ણિમા સુધી વેચાણ માટે તૈયાર થઇ જવાની સંભાવના છે. આ પુસ્તકનું ગુજરાતી ભાષાંતર કરવાનું સ્વામી વસુદેવાનંદ સરસ્વતી (જે આત્યારના ખૂબજ પૂજનીય સંત તેમજ ભગવાન દત્તાત્રેયનો અવતાર મનાય છે) અને શ્રી રંગઅવધૂત મહારાજનું સ્વપ્ન હતું જે લાંબા સમય પછી સાકાર થવા પામ્યું છે પ્રતિભાબેન ચોકસી કે જેમણે અથાગ પ્રયત્નો તેમજ આ વિષયપર ઘણું જ સંશોધન કરીને તૈયાર કરેલું પુસ્તક નું દેવરૂખમાં સ્વામી સમર્થ સમક્ષ આઠ દિવસ એટલે કે ૧૬ ફેબ્રુઆરીથી ૨૩ ફેબ્રુઆરી દરમ્યાન પઠન કર્યું હતું અને ગુરુજીએ તે ગ્રંથ ને માન્ય કરી સ્વીકૃતી આપી હતી.



## દેવરૂખ આશ્રમ આયોજીત મહાશિવરાત્રી મહોત્સવ

મહાશિવરાત્રી એક એવો ઉત્સવ છે કે જેની બધા રેકિ સાધકો આતુરતાપૂર્વક રાહ જોતા હોય છે. રેકિ શિવચેતના છે અને સાધકો તેનો ભગવાન શિવ સાથે સંબંધ માને તેમાં નવાઇ નથી. આ વર્ષે વિક્રમજનક છપ્પન સાધકો આઠ ફેબ્રુઆરીથી એક મહિનાની તપશ્ચર્યા કરી રહ્યા છે. તેઓ બધા સાતમી માર્ચથી દશમી માર્ચ સુધી દેવરૂખના આશ્રંમમાં એકત્રિત થશે. આશ્રમના ઈતિહાસમાં આ પહેલો બનાવ બનશે કે આ અનુષ્ઠાનમાં ભાગ લેનારાઓ સિવાય અન્યને પ્રવેશ આપવામાં નહીં આવે અને અનુષ્ઠાનમાં ભાગ લેનાર સાધકો પોતે જ આશ્રમનું સંચાલન કરશે.



આ ચિત્ર આપણા અર્ટીસ્ટ સાધક અવધૂત પોટફોડેએ દોરેલું છે.

**ભગવાનને કોણે બનાવ્યા તે પ્રશ્ન ઊભો થાય છે કારણ કે જેને આદિ તેમજ અંત નથી તેને મન સમજી શકતું નથી.**

## બાળકો તેમજ યુવાનો માટેની સંસ્કાર શિબિર

આશ્રમમાં આ વખતે મે ૨૦૧૩ દરમ્યાન બાળકો (૮ થી ૧૦ વર્ષના) અને કદાચ યુવાનો (૧૪થી ૧૭ વર્ષના) માટે અમુક વિશેષ તાલીમનું આયોજન થનાર છે. તે માટેના તાલીમના વર્ગોનું આયોજન ઉપર જણાવેલા વિભાગના બાળકોની પ્રતિક્રિયા અનુસાર બે અઠવાડીયા માટે કરવામાં આવશે. આ તાલીમ સંબંધીત અભ્યાસક્રમમાં માનવ જીવન તેમજ તેના હેતુની સમજ, ધાર્મિક વિધિના વૈજ્ઞાનિક અર્થ, બેસીક કોમ્યુનીકેશન માટેના અવેરનેસ પ્રોગ્રામ, વેદિક મેથેમેટિક્સ, આર્ટ પેન્ટીંગ, રંગોલી, ડાન્સીંગ, મ્યુઝીક તેમજ અન્ય કલાઓને વિકસાવવાની તાલીમને સમાવી લેવામાં આવશે. આશ્રમ, આક્યુ-ટેસ્ટ, એપ્ટીટયુડ ટેસ્ટ વિ. બાબતો માટે નિષ્ણાંતોની મદદ લઇ તે માટે યોગ્ય માર્ગદર્શન પણ આપવામાં મદદરૂપ થશે. આ બધા તાલીમ વર્ગો ૧ થી ૧૦ મે ૨૦૧૩ દરમ્યાન આયોજીત કરવામાં આવશે. આ તાલીમ વર્ગોનું વ્યવસ્થિત આયોજન હવે પછી ટુંક સમયમાં કરવામાં આવશે.

## રેકિ વિદ્યા નિકેતન

દેવરૂખ કાટવલી માર્ગ,
ઓઝરે(ખુર્દ)
તા. સંગમેશ્વર
જી. રત્નાગિરિ
મહારાષ્ટ્ર ભારત.૪૧૫૮૦૪
ફોનઃ૯૧-૨૩૫૪-૨૪૧૩૨૨

ઈમેઈલ : info@reikibrahma.org
વેબસાઈટઃ www.reikibrahma.org

અમારો સંપર્ક કરો :
www.reikibrahma.org

**તમે પહેલેથી જ દિવ્ય છો માત્ર તમારે મનુષ્ય બનવાનું છે.**

રેકિ વિદ્યા નિકેતન

## આશ્રમજ્ઞાન — સલાહ આપવાનું વ્યસન.........

આશ્રમમાં ગુરજી અચાનક ગમગીન બની ગયા. તેમણે એવું પણ કહ્યું કે આશ્રમમાં તેઓ એક જ શિષ્ય છે અને બીજા બધા અહીં માસ્ટર છે. તેઓએ એવું કેમ કહ્યું તે પૂછતાં જાણવા મળ્યું કે આશ્રમમાં સહુ એક બીજાને સલાહ દેતા હોય છે. તેમને આ વાત પર રમુજ સાથે દુઃખ પણ થયું કે આશ્રમમાં ઘણા સાધકો ઘણી બધી બાબતો અંગે બીજાને સલાહ દેતા હોય છે. ગુરુજીને એ વાતની નવાઈ લાગે કે સાધકોને દરેક વસ્તુનું જ્ઞાન ધરાવવાની કાબેલિયત ક્યાંથી આવી ? જ્યારે તમે કોઇને કોઇ વાતની સલાહ આપો છો ત્યારે તમારે વિચારવું જોઇએ કે તમને એ વિષયનું પુરેપુરું જ્ઞાન છે કે કેમ? બીજું તમારે તમારી જાતને પૂછવું જોઇએ કે તમને સલાહ દેવાનો અધિકાર છે ખરો ? અને જો હોય તો તે અધિકાર તમને કોણે આપ્યો ? કે પછી તમે તમારીજાતે જ સલાહકાર બની ગયા છો? ત્રીજી અને ખૂબ અગત્યની બાબત એ છે કે તમારે ચકાસવું જોઇએ કે સલાહ આપ્યા પછી જો સલાહ લેનાર તમારી સલાહ સ્વીકારે તો તેનું જે સારુ કે ખરાબ પરિણામ આવે તે માટે તમે જવાબદાર બની શકશો ખરા? આવા કિસ્સામાં સલાહ લેનારને ટેકો આપવાનું તમારામાં સામર્થ્ય છે ખરું ? જો સાલહ આપ્યા પછીના પરિણામની જવાબદારી તમારે સ્વીકારવી ન હોય તો સલાહ દેવાનું કામ આ જગતમાં સરળમાં સરળ કામ છે. સાધકોએ તો લોકોને સલાહ દેતા પહેલાં સો વખત વિચારવું જોઇએ. જ્યારે અમુક વર્ષો પહેલાં ગુરુજી સાધકો સાથે ગંગોત્રી ગયેલા ત્યારનો એક પ્રસંગ તેઓ હંમેશા કહેતા. જ્યાં સાધકો રહ્યા હતા તે ઘરનો એક છોકરો તેની પરીક્ષામાં સારો દેખાવ કરી શકયો ન હતો અને તેને એક સાધકે સલાહ આપતાં તેની ઉંધી અસર તે બાળક પર થઇ અને ડીપ્રેશનમાં જતો રહેલો. ગુરુજીએ તે સાધકને પૂછયું કે જીવનમાં તમારી સલાહ કયારેય કોઇએ માની છે ખરી? સાધકે જવાબ આપ્યો “ના” તો જ્યારે તમે જાણોજ છો કે કોઇ તમારી સલાહ માનતું નથી તો શા માટે સલાહ આપ્યા કરો છો? તમે તમારી ઊર્જા શા માટે બગાડો છો? સાધકે તે વાતને ગંભીરતાથી લીધી. અને પાછળથી તેને તેના બોસે તેની પ્રશંસા કરતાં કહ્યું , કદાચ પહેલી વાર કહ્યુ કે હમણો તમે કેમ ખૂબ સારા થઇ ગયા છો ? તમારા આવાં પરિવર્તનનું રહસ્ય શું છે?

## રેકી સેમિનારનું સમયપત્રક

| ક્રમ | તારીખ | સ્થળ | માસ્ટર | ડીગ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨,૩ માર્ચ | પુના | વિશાલ | પ્રથમ |
| ૨ | ૨,૩ માર્ચ | નાશીક | અજીત સર / કૃપા | પ્રથમ |
| ૩ | ૨,૩ માર્ચ | તેલેગોન | કલ્પીતા / રાકેશ | પ્રથમ |
| ૪ | ૨,૩ માર્ચ | રાજકોટ | સીમાબેન | પ્રથમ |
| ૫ | ૧૬,૧૭ માર્ચ | દેવરૂખ | અજીત સર / સીમાબેન | દ્વિતિય |
| ૬ | ૨૩,૨૪ માર્ચ | મડગાઓ ગોઆ | સીમાબેન / કલ્પીતા / મિલિન્દ | પ્રથમ |
| ૭ | ૨૩,૨૪ માર્ચ | મડગાઓ ગોઆ | અજીત સર / વિશાલ | દ્વિતિય |
| ૮ | ૨૩,૨૪ માર્ચ | અમદાવાદ | ભારતીબેન | પ્રથમ |
| ૯ | ૩૦,૩૧ માર્ચ | મુંબઇ | અજીત સર / કલ્પિતા | દ્વિતિય |
| ૧૦ | ૩૦,૩૧ માર્ચ | થાને | સંગીત / રાકેશ | પ્રથમ |
| ૧૧ | ૩૦,૩૧ માર્ચ | વડોદરા | સીમાબેન / કૃપા | પ્રથમ |